## અંબાજી ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન

# લાખો શ્રદ્ધાળુઓ માતાજીના ચરણમાં મસ્તક ઝૂકાવી, દર્શન કરીને ધન્ય બન્યા



અંબાજી, તા. ૩૦

અંબાજી મુકામે યોજાયેલ સાત દિવસીય ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન થયો છે. દુરદુરથી ચાલીને આવતા લાખો પદયાત્રીકોએ હરખભેર અંબાજીની યાત્રા પૂર્ણ કરીને આનંદ અને સંતોષપૂર્વક પોતાને ઘરે પરત ફર્યા છે. મેળા પ્રસંગે અંબાજી વિસ્તારના ડુંગરાઓમાં જાણે દિવ્ય ચેતના પ્રગટી હતી. રાત દિવસ યાત્રીકોનો પ્રવાહ બોલ મારી અંબે....... જય જય અંબેના જયઘોષ સાથે અંબાજીમાં ઉમટી રહ્યો હતો. અંબાજી મુકામે મિની કુંભમેળાનો માહોલ સર્જાયો હતો.

માતાજી શકિત સ્વરૂપ હોવાથી ચાલીને કષ્ટ વેઠતા અંબાજી જઈએ તો માતાજી જલ્દી પ્રસન્ન થાય છે તેવી માન્યતા હોવાથી માઈભકતો દુરદુરથી ચાલતા આવે છે. અંબાજીના ભાદરવી મહામેળા પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી ઉપરાંત મુંબઈ અને રાજસ્થાનથી ઘણા યાત્રીકો પદયાત્રા કરીને અંબાજી આવતા હોય છે. પદયાત્રીકોની અતુટ શ્રદ્ધા જોઈને ઘણાને આશ્ચર્ય પણ થાય છે. મોટી ઉમરના વડીલો કે અપંગ માઈભકતો પણ જરાય થાકયા વિના પદયાત્રા કરતા હોય છે. વરસાદની, તડકાની કે થાકની કોઈને લેશમાત્ર પરવા જ નથી હોતી. જેમ જેમ અંબાજી નજીક આવે તેમ તેમ પદયાત્રીકોને ઉમંગ, ઉત્સાહ, બેવડાતાં હતાં. તેમના ચહેરા ઉપર ભકિત, શકિત અને શ્રદ્ધાનો સંગમ સ્પષ્ટ જણાઈ આવતો હતો. આ મેળામાં લોકો હર્ષથી જોડાય છે. કારણ કે ઘડીયાળને કાંટે ચાલતી અને દોડધામભરી જીંદગીમાંથી આ મેળો જાણે મુકિત આપે છે. પદયાત્રીકોને માતાજીના નામ સિવાય કંઈ યાદ હોતુ નથી. તેઓ આનંદ અને ભકિતમાં તરબોળ હોય છે. અમીર–ગરીબ કે કોઈ ભેદભાવ નહિ. જે મળે તેની સાથે હસીને જયઅંબે બોલવાનું ને સ્ફુર્તિથી ચાલ્યા કરવાનું. આ બધુ તો આપોઆપ બનતુ હોય છે. પદયાત્રીકો પણ મેળો સંપન્ન થયા પછી વિચારતા હોય છે કે આ ઉત્સાહ અને શકિત કયાંથી આવ્યા હતા.....

ભકતોની આંખમાં હર્ષના આંસુ છલકાયા

મંદિરમાં પ્રવેશતાં જ યાત્રીકો ઉમંગભેર માતાજીના જયજયકાર બોલાવીને દર્શન કરી માતાજીના ચરણમાં મસ્તક ઝુકાવી ધન્યતાની દિવ્ય અનુભુતિ કરે છે. મંદિરમાં અને ચાચર ચોકમાં ઘણા માઈભકતોની આંખમાં હર્ષના આંસુ છલકાતા જોવા મળ્યાં હતા. યાત્રાની પુર્ણતાની અને ધન્યતાની પરાકાષ્ટા સાથે માઈભકતો સંતુષ્ટ બને છે.

માતાજીના ભકતોની પ્રાર્થના......

''ઓ જગદજનની મા ... સૌનું કલ્યાણ કરજો.''

માતાજીના દર્શન કરીને ધન્ય બનેલા ભકતો માતાજીને બે હાથ જોડીને, મસ્તક નમાવીને ભાવપૂર્વક પ્રાર્થના કરતા હતા. ઓ જગદજનની મા અંબે. સૌનું કલ્યાણ કરજો, સૌના દુખ દુર કરજો. અમે તો તારા બાળક જ છીએ. ઘણા યાત્રિકો ચાચરચોકમાં સ્વજનને ભેટીને હરખના આંસુથી ભીંજાયા હતા.

''ગબ્બર ઉપર પણ દર્શનાર્થીઓનો ધસારો રહયો.''

માતાજીના મૂળ પ્રાગટય સ્થાન ગણાતા ગબ્બર પર્વત ઉપર પણ યાત્રિકોનો ભારે ધસારો રહયો હતો. ચાલીને આવતા યાત્રિકો મોટે ભાગે ગબ્બર ઉપર પણ દર્શનાર્થે જતાં જ હોય છે. ગબ્બર ઉપર જવા આવવા માટે પગથિયાં અને રોપ–વેની સારી સગવડ છે.

# ખારેડામાં વર્ષોથી પ્લોટ ન ફાળવાતા લોકોને મકાન બનાવવા ફાંફા

## ગામતળ નીમ કરી પ્લોટની ફાળવણી કરવા માંગ

પાટણ, તા.૩૦

પાટણ તાલુકાના અંતરિયાળ ખારેડા ગામમાં વર્ષોથી પ્લોટ ફાળવણી થઈ નથી એટલે લોકોને મકાન બનાવવા ફાંફા પડી રહ્યા છે ત્યારે ગામને અડીને આવેલ પડતર અને ગૌચર જમીનમાં ગામ તળ નીમ કરી મકાનના પ્લોટની ફાળવણી કરવામાં આવે તો લોકોને વસવાટ બનાવવાની સરળતા રહે.

પાટણ તાલુકાના ખારેડા ગામે વર્ષોથી પ્લોટ ફાળવણી કરાઈ નથી એટલે લોકોને મકાન બાંધવા માટે ભારે અગવડ વેઠવી પડે છે. અને જે ગૌચર અને પડતર જમીન હતી તેવી જગ્યા એ પ્રતિદિન દબાણો વધી રહ્યા છે. પ્લોટના અભાવે લોકો પોતાના ખેતરમાં મકાનો બનાવી રહ્યા છે પરંતુ ત્યાં પણ જમીનો ટુંકી થતાં ઓછી જમીન ધરાવતા નાના ખેડુતોને ખેતરમાં મકાન બનાવવું કે ખેતી કરવી તે પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે બીજી બાજુ ગ્રામ પંચાયતો દ્વારા વર્ષોથી કોઈ નાગરિકને પ્લોટની ફાળવણી કરાઈ નથી એટલે નાના ખેડૂતો અને જમીન વિહોણા વર્ગને મકાન કયાં બાંધવું? તે સવાલ બની ગયો છે. ઉલ્લેખનીય છે કે કેટલાક લાભાર્થીઓને પ્લોટ મંજુર થયા છે પરંતુ ગ્રામ પંચાયતવાળા પ્લોટ ફાળવતા નથી આ અંગે એક લાભાર્થીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અમોને મુખ્યમંત્રીના ગરીબ કલ્યાણ મેળામાં મુખ્યમંત્રી હસ્તે પ્લોટનો મંજુરી પત્ર આપ્યો હતો પરંતુ અમે જયારે સરપંચ પાસે આ પત્ર લઈને ગયેલ ત્યારે તેમણે જણાવેલ કે હું દબાણ દુર કરું તો વિરોધ થાય તેમ છે. એટલે તમને પ્લોટ ફાળવી શકું તેમ નથી એટલે મંજુરીપત્ર પણ શોભાનો ગાંઠીયો પુરવાર થયો છે ત્યારે ગ્રામ પંચાયતના સત્તાધીશો ગ્રામજનોના હીતમાં ગામ તળ નીમ કરી પ્લોટની ફાળવણી કરે તો લોકોની અગવડતા દુર થાય તેમ છે.

# હિંમતનગરની વિવેકાનંદ વિદ્યાલમાં રક્તદાન શિબિર યોજાઇ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેના લાયન્સ કલબ ઑફ હિંમતનગર ડિવાઈન અને લાયોનેસ કલબ હિંમતનગર દ્વારા મહેતાપુરાની સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં રકતદાન શિબિર યોજાઇ હતી. જેમાં રક્તદાતાઓ એ ૩૧ બોટલોનું રક્તદાન કર્યું હતું.

આ રકતદાન શિબિરમાં રક્તદાતાઓ એ ઉત્સાહ ભેર રક્તદાનમાં ભાગ લઈ પ્રશંસનીય કામગીરી કરી હતી. આ પ્રસંગે લાયોનેશના પ્રમુખ અર્ચનાબેન ભટ્ટ, કે.સી. શાહ, મોહનભાઇ નાયી, ગોપાલસિંહ રાઠોડ સહિત અનેક સભ્યો હાજર રહ્યા હતા અને શિબિરને સફળ બનાવી હતી.



# ડીસા બગીચાથી કોલેજ રોડ ઉપર ફરથી દબાણ થવાની ભીતી નગરપાલિકા જાગે....

ડીસા શહેરમાં બગીચાથી કોલેજ જવાના જૈન દેરાસર સામે તાજેતરમાં નગરપાલિકાએ દબાણની જગ્યા ખુલ્લી કરાવેલ અને આ જગ્યા ઉપરથી ગરીબોને હટાવેલ પરંતુ આ જગ્યા કોઈના ઈશારે દબાણ ખાલી કરાવેલ હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બનેલ છે. જે જગ્યા ઉપર હાલ વાહનો પાર્કીંગ થતા જોવા મળે છે. અને આ વાહનોના આડમાં મોટા માથા દબાણ કરવાની પહેરવી કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. જો આ જગ્યાએ વૃક્ષ વાવીને આ રોડ ગાર્ડન રોડ બને તો કોલેજ જતા વિદ્યાર્થીઓ તેમજ સાઈબાબાના મંદિરે આવતા જતા રાહદારી તેમજ ભણસાળી દવાખાના ના દર્દીઓ શાંતીનો સમય પસાર કરી શકે. આ માટે સામાજીક સંસ્થા અથવા નગરપાલિકા દ્વારા વૃક્ષો ના વાવણી કરી ને જાળવણી થાય તે જરૂરી છે. ડીસા શહેરમાં મુંબઈને આંબીજાય તેવા ઉંચા ભાવો જમીનના બોલાતા હોઈ લોકો દબાણ કરી આવી મહત્વની જમીન ઉપર કબ્જો કરવાની પેરવી કરી રહ્યાનું લોક મુખે ચર્ચાઈ રહ્યુ છે. તો આવી મોંઘી જમીન માથાભારે તત્વો કબજો કરે તે પહેલા આવી જમીન ઉપર નગરપાલિકા દ્વારા તારની વાડની ફેંસીગ કરીને અંદર વૃક્ષો વાવીને જાળવણી કરે તેવી માંગ ઉઠી છે.

# થાનગઢનાં બનાવનાં વિરોધમાં ગાંધીનગરમાં આજે વિરાટ રેલીનું આયોજન

## દલિત અત્યાચાર વિરોધ મંચ નરેન્દ્ર મોદીને આવેદનપત્ર આપશે : જુદાં જુદાં કાર્યક્રમો

અમદાવાદ,તા.૩૦

સુરેન્દ્રનગર જિલ્લાનાં થાન ખાતે તાજેતરમાં જ પોલીસ ફાયરિંગમાં ત્રણ દલિત યુવાનોની હત્યા કરવામાં આવી હતી, તેનાં વિરોધમાં દલિત અત્યાચાર વિરોધ મંચ દ્વારા આવતીકાલ તા.પહેલી ઓક્ટોબરને સોમવારનાં રોજ બપોરે એક વાગ્યે પાટનગર ગાંધીનગર ખાતે પ્રચંડ ધિક્કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલીનો પ્રારંભ ઘ-૩ પથિકાશ્રમ ગાંધીનગરથી થશે.

દલિત અત્યાચાર વિરોધ મંચના અગ્રણી ગિરીશ પરમાર, ઈશ્વર મકવાણા, સિદ્ધાર્થ પરમાર વગેરે જણાવ્યું છે કે થાનમાં પોલીસે ફાયરિંગ કરીને બર્બરતા આચરી છે. રક્ષકો દ્વારા કાયદાનાં લીરા ઉડાવીને કાળો કેર વર્તાવ્યો છે. આરોપી પોલીસ સામે ૩૦૨ તથા એટ્રોસિટી એક્ટ પ્રમાણે ફરિયાદ નોંધાવા છતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી નથી તેથી તાકીદે આરોપીઓની ધરપકડ કરવામાં આવે. સમગ્ર કેસની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવામાં આવે તથા મૃતકોનાં પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાની સહાય અને ઘાયલોને રૂપિયા બે લાખની સહાય આપવામાં આવે, મૃતકોનાં પરિવારમાંથી એકને સરકારી નોકરી આપવામાં આવે તેમજ ફરજમાં ગુનાઈત બેદરકારી દાખવવા બદલ સુરેન્દ્રનગરનાં ડીએસપીને સસ્પેન્ડ કરવાની માંગણી સાથેનું આવેદનપત્ર મુખ્યમંત્રીને આપવામાં આવશે. આ ધિક્કાર રેલીને વિવિધ રાજકીય પક્ષનાં આગેવાનો, વિવિધ દલિત સંગઠનોનાં આગેવાનો સંબોધશે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



# પ્રાંતિજમાં ઠેર – ઠેર શરબત, મોદક પ્રસાદી સાથે હરખાતા હૈયે દુદાળા દેવને વિદાય અપાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તા. ૨૯મી સપ્ટેમ્બરે દુંદાળા દેવ ગણપતિ વિસર્જન વાજતે-ગાજતે કરવામાં આવ્યા હતા અને ભવ્ય હવન શોભાયાત્રા જુદી જુદી જગ્યાએથી નિકળી હતી અને ગણપતિ વિસર્જન ઉત્સવમાં લોકો દાદાને વિદાય આપવા અને આવતા વર્ષે જલ્દી આવજો તેમ બુમ બરાડા પાડતા ગુલાલ, ફટાકડા નાચતા-વગાડતા જુમી ઉઠ્યા હતા. રેલવે સ્ટેશન વિસ્તાર, નુર્જરનીપોળ, દેસાઈની પોળ, આંટીયાવાસ, વાઘેલાવાસ, વગેરે સ્થળોથી ગણેશ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે ગુજરની પોળમાં દાદાની વિશાળ કાય પ્રતિમા સામે પૂજા-અર્ચન તથા હવન ગણેશ ઉત્સવ ઉજવાની સમિતિના સભ્યો તથા ગુજરની પોળના લોકોએ ઉત્સાહભેર કરી સામુહિક ભોજન પ્રસાદ લીધી હતી અને શોભાયાત્રા સાથે દાદાને વિદાય આપી હતી તો ભાંખરીયા વિસ્તારમાં એપ્રોચરોડ ઉપર આવેલ શિવપેલેસ ઉપર સરબત,પાણી તથા બુંદીનો પ્રસાદ હજારો ભક્તોને આપ્યો હતો ને ગણપતિદાદાને વિદાય આપી હતી. આ વચ્ચે ગણપતિ ઉત્સવ નગરજનો તથા આમજનતાએ વિશેષપણે ઉજવ્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮